## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૯૨૫૧

### સલામી સવારની..

પાછલે બારણેથી હવે બદલાય છે કાયદા!
બધા દૃષ્ટિકોણથી સત્તાના જોવાય છે ફાયદા!
વચનોથી ઉગે રોજ 'અચ્છે દિન' ની સવાર -
રમાડે રામને પણ મંદિરના દે છે વાયદા..

### હાઇકુ

ચણાતી નથી,
નક્કર ઇમારત -
પોકળ પાયે..
(યોજના ની જાહેરાતો)

'આવે અંદાજ?!'
હવાઇ નિરીક્ષણે?!
છે ક્રિયાકાંડ..
(બેસણાં વિધિ..)

### ચિંતન

**શીત વાતા તપ કલેશાન્ત સહન્તે ચાન્ય પરાશ્રિતાઃ ।**
**તદ્દંશે નાપિ મેધાવી તપસ્તપ્સવા સુખી ભવેત ॥**

'બીજાની સેવા-ચાકરી કરીને ગુજરાન ચલાવનારા અલ્પબુદ્ધિવાળા - પરાધીન માણસો-ટાઢ-તડકો-પવન-વરસાદ વગેરેની મુશીબતો વેઠીને ખૂબ દુઃખો સહન કરતા હોય છે, એની અપેક્ષાએ-બુદ્ધિમાન માણસો બહુ જ ઓછા પ્રમાણમાં તકલીફ સહન કરીને સુખનો અનુભવ પ્રાપ્ત કરે છે, અર્થાત અભણ સેવકો કરતાં બુદ્ધિમાન વિદ્વાન બહુ ઓછી મહેનતે યોગક્ષેમ મેળવે છે.'

એક ગરીબ અભણ મજૂર ટાઢ-તડકામાં મજૂરી કરી - તપના તડકામાં 'ડામર રોડ' બનાવવામાં આખો દિવસ પૈસો પાડે ત્યારે માંડ એને પેટીયુ પુરાય એટલા પૈસા મળે છે જયારે કોઇ મોટો કલાકાર કે કોમ્પ્યુટર નિષ્ણાત એસી રુમમાં બેસી કલાકમાં કરોડો કમાઇ લે છે.

શિક્ષણથી બુદ્ધિ પ્રાપ્ત થાય છે અને જીવન જીવવાની 'સુગમતા' પ્રાપ્ત થાય છે.

શિક્ષણનો અદ્‌ભૂત તફાવત આ શ્લોકમાં દર્શાવવામાં આવ્યો છે.

### સુવિચાર

- તૃષ્ણા પણ ચંચળ છે કેવી..!! પલમાં મૃગજળ, પલમાં સાગર - **જનકલ્યાણ**
- સમય સમયની શી વાત કરવી? સમયના રંગ ન્યારા છે, મયુરાસનના વારસદાર ચટાઇ પર પોઢે છે - **ગુણવંત શાહ**
- નિવૃત્તિ એટલે કોઇના આદેશ કે હુકમથી કામ કરું છું એ અંતિમ ક્ષણ પસાર થઇ ગયા પછીની પ્રવૃત્તિ - **ચંદ્રકાન્ત બક્ષી**
- જીવનને પૂર્ણરૂપે પામવું હોય તો એને મૃત્યુની પડખે મૂકીને મૂલવવું જોઇએ.. મૃત્યુ દરેક બાબતને તેના યથાર્થ પરિણામમાં મૂકી દે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ખોટા ગભરાટ પર ગુનેગારની છાપ ઉપસાવે છે - **મારીઓ પુઝો**
- આપણા નસીબને યોગ્ય આકાર આપવો એ આપણી શક્તિ બહારની વાત નથી, માનવી ધારે તો બધું જ કરી શકે છે - **ડો. વિક્રમ સારાભાઇ**
- ગમે તેટલા અઘરા સવાલોનાં જવાબ પોતાની ભીતરથી જ શોધતાં શીખો.. ઘડીભર શાંત-સ્થિર બેસો.. મૌનમાંથી તમને જવાબ મળશે. જવાબ તરત ન મળે તો નિરાશ ન થશો - **ગુલાબદાસ બ્રોકર**

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધ કથા

એક કહેવત છે જેમાં ઉત્તમ સલાહ છે 'કલ કરે સો આજ કર, આજ કરે સો અબ' આપણે કોઇ પણ કામ 'પછી', 'કાલે' પર ઠેલીએ છીએ જે 'પછી', 'કાલ' કયારેય આવતાં જ નથી. કોઇ પણ સારી પ્રવૃત્તિ તરત જ શરુ કરવી જોઇએ.

એક કંજૂસે કેટલાંયના શ્રમ-ધનનું શોષણ કરી કરોડો એકઠા કર્યા હતા. અને બધાને કહેતો મને 'પચાસ' વર્ષ પૂર્ણ થશે પછી બધાં ધંધા-વેપાર બંધ કરી બસ, પછી મોજ-મજા જ કરવી છે.

ત્યાં તો ઓગણ પચાસ વર્ષે જ એટેકના સ્વરુપે યમરાજ આવીને ઊભા રહ્યા. કંજૂસને કહ્યું ચાલો! તમારો સમય થઇ ગયો છે!

કંજૂસે પહેલા એક વર્ષ, પછી, મહિનો-એક દિવસ 'જીવી લેવા' સમય માગ્યો પણ યમરાજ માન્યા નહીં. ખૂબ કાકલૂદી કરી ત્યારે યમરાજે કહ્યું તારે કોઇને કંઇ 'મેસેજ' આપવો હોય તો બે મિનિટ આપું છું લે કાગળ-પેન ઉપાડ અને જે લખવું હોય તે લખ.

કંજૂસે રડતાં રડતાં લખ્યું.

'મને છેલ્લી ઘડીએ સમજાયું છે કે જીવનની બધી જ ક્ષણ મોજ-મજા અને આનંદથી જીવવા માટે જ છે. પછી જીવીશ ને મોજમજા કરીશ એ ખોટી સમજ છે. મૃત્યુની ક્ષણ કયારે આવીને ઊભી રહેશે એ કોઇને ખબર નથી.'

Email - sureshchandrabhatt18@gmail.com

# ગાંધીનગરમાં ચોમાસામાં જયારે મેહૂલિયો મન મૂકીને વરસે છે ત્યારે રસ્તાઓ નદીઓની જેમ વહેવા માંડે છે

## મનનાં ઉમંગો : અષાઢી મેઘ

- રણછોડ વી. પરમાર

હા, અષાઢ આવી પહોંચ્યો છે ગુજરાતના આંગણે. ના આવ્યો ત્યારે કેટકેટલી રાહ જોવરાવી? એક દિવસ ના આવ્યો, બે દિવસ ના આવ્યો, અરે અંબાલાલે આગાહી કરી હતી બાવીસ તારીખની, એને ય ધ્યાને ના લીધી. ''આજ તો બરાબરનો ઘેરાયો છે, નક્કી પડવાનો.'' બધાની ધારણાઓ ખોટી પડી. બાવીસ, તેવીસ અને ચોવીસ એમ ત્રણ દિવસ વાદળોએ મોગલ સેના જેવો ઘેરો ઘાલ્યો. પવિત્ર પુરુષોત્તમ માસના પ્રારંભથી જ ગુરુઓ ગળા ફાડી ફાડીને પ્રભુકીર્તનથી સભામંડપો ગજાવવા માંડ્યા હતા. સામા પક્ષે ભાવિક ભક્તો ભજનના તાલમાં તાળીઓ પાડતા પાડતાં વારેઘડીએ આકાશ ભણી જોયા કરતા હતા. આખરે ચોવીસ તારીખે 'બુધ કરે શુદ્ધ'ના ન્યાયે બુધવારની બપોરે મેઘરાજાનું મન જરાક પલળ્યું. પરંતુ સ્વયં મેઘરજા કયારના ધરતીને મળવા તલપાપડ હતા એટલે એમનું મન લગીર પલળવા જતા આખેઆખું તરબતર થઇ ગયું. ચારે દિશામાં ફેલાયેલી એમની કાયાને જાણે અડબડિયું આવી ગયું અને ધીમે ધીમે પગથિયાં ઉતરવાને બદલે એક સામટો દસ પગથિયાંનો ભૂસકો જ વાગી ગયો. પરિણામ? ચારે બાજુ જળબંબાકાર થઇ ગયું.

અમે, એક જ દિવસે વાદળછાયું વાતાવરણ ભાળી મહુડી દર્શને ગયા હતા. ત્યાંથી બપોરના બે-અઢીની આસપાસ બસમાં પાછા ફરતાં હતા અને હજુ અડદે રસ્તે આવ્યા હોઇશું ત્યાં ઝીણી ઝરમર ચાલુ થઇ. થોડાંક આગળ વધ્યાં હોઇશું ત્યાં તો પાતળી ઝરમરમાંથી ઘાટી માદરપાટ જેવી, બે હાથ છેટે કશું ના દેખાય તેવી જાડી મેઘધારા થઇ ગઇ. પેથાપુર પહોંચતામાં તો આજુબાજુના વિસ્તાર પાણી પાણી થઇ ગયેલા નજરે પડ્યા. ગાંધીનગરના બસ સ્ટેન્ડે (જેનું લોકોએ લાડલું નામ પાડ્યું છે - પથિકાશ્રમ) બસમાંથી ઉતરીને દોડતાં શેડ નીચે જતાં જતામાં હું અરધોઅરધ પલળી ગયો. મારા સાથીદારને પગે તકલીફ હોવાથી એ તો આકાશનાં સકંજામાંથી સ્ટેન્ડના આશરે આવતાં આવતાં પૂરેપૂરો પલળી ગયો. ''શું કરશું રણછોડભાઇ?'' એણે મને પુછ્યું. મેં કહ્યું ''થોડીવાર શાંતિથી બેસીએ. બંધ કદાચ થઇ જાય.'' અમે થોડીવારના બદલે ખાસ્સીવાર બેઠા. બે-ત્રણ બાંકડા બદલ્યા. અનેક બસો આવતી જતી જોઇ. પ્લાસ્ટિકની થેલીની અચાનક ઉઘડેલી ઘરાકી દેખી, કબૂતરોની જેમ વર્ષાથી બચવા આશરો ગોતતા લોકોને ભાળ્યા, વરસાદ આવતા રાજીરાજી થઇ ગયેલા બાળકો નિહાળ્યા, બધું જોતાં જોતાં છેવટે ચાની તલપ લાગી (ઓફિસનો રીસેસ ટાઇમ ખરો ને!) એટલે મેં પૂછ્યું, 'અજીત, કેન્ટીનમાં ચા પીવા જઇશું?' મિત્ર કહે ''ત્યાં મજા નહીં આવે, આપણે સામે જવાય તો જઇએ.'' વરસાદ થોડોક ધીમો પડ્યો હોય એમ લાગતું હતું. અમે સ્ટેન્ડ બહાર પલળતાં પલળતાં નીકળ્યાં. ગાંધીનગરમાં ચોમાસામાં જયારે મેહૂલિયો મન મૂકીને વરસે છે ત્યારે રસ્તાઓ નદીઓની જેમ વહેવા માંડે છે. એવી નદી ડહોળતા અમે સામે કાંઠે જઇ ચા પીધી. મારા મિત્ર ફરી એક નદી ડહોળી એમના સેકટર બાજુ ગયા અને હું મારા ઘરને રસ્તે પડ્યો. મનમાં અભિલાષા હતી કે આજે તો ધરાઇ ધરાઇને નહાવું છે. પરંતુ હાય દરિદ્ર હૃદય! વરસાદ સાવ બંધ પડી ગયો.

અહીં વરસાદ અટક્યો, પણ ધારી-બગસરામાં ના અટક્યો - ના લગીરે છટક્યો ન વચ્ચેથી બટક્યો. પડ્યો તો એવો પડ્યો એવો પડ્યો. પૂરા ત્રીસ ઇંચ! ત્યાંના રહેવાસીઓના હાલહવાલ બગડી ગયા. સરકારી તંત્રની દોડધામ વધી ગઇ. ઘર-ખેતર-રસ્તા બધું બરબાદ થઇ ગયું. અરે વનનો રાજા સિંહ, કુદરત સામે બિચારો, સાવ બિચારો થઇ ગયો. પછી કાળા માથાના માનવીની તો શી વિસાત?

આવા સમયે ધીમી ધારે વરસતાં વરસાદનું ગીત કયાંથી સૂઝે? ધીંગી ધારે ધબધબાટી બોલાવતા બારે મેઘનું ગીત હજી વાંચવામાં આવ્યું નથી. ઉમાશંકર-સુંદરમના જમાનામાં પણ પોતાની કવિતાઓથી સાહિત્યપ્રેમીઓનું ધ્યાન ખેંચનાર ત્રિભુવન ગૌ. વ્યાસનું 'અષાડી મેઘ' કુમારના કાવ્ય સંકલનમાં વાંચેલું તે યાદ આવ્યું. (નવાઇ લાગે છે ને આવડું મોટું કાવ્ય કુમારમાં છપાયેલું?) એના શબ્દો ધ્યાનથી વાંચજો અષાઢી નથી પણ અષાડી છે અને ચઢ્યો નથી પણ ચડ્યો છે. એ આખી લીટી 'ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!' વાંચતા હૃદયમાં ઘોર સર્જનાઓ કરતો મેઘ આકાશો ચડતો હોય એવો નાદ પ્રગટ થાય છે ને? આવી જ બીજી સરસ પંક્તિ છે, ''શીતળ પવન ભીનોં સરુર્યો'' ઝરમર વરસતી વાદળીઓએ 'અરસપરસ પાલવ પકડ્યો', ''ગડુડ ગડુડ ધમસાણ મચ્યું'' વાંચલી વેળા તમારા મનમાં ધમસાણ ચમ્યા વગર નહીં રહે. આવી અદ્‌ભૂત શબ્દ રચનાઓ દરેક અંતરામાં છે. આખું કાવ્ય દસ કડીઓનું છે. મને ખાતરી છે આપ દસેદસ કડીઓ ઉલટથી ગાઇને વાંચશો અને અષાઢી મેઘનો આનંદ ખરા દિલથી માણશો. તેમ છતાં એક લાઇન તરફ આપનું ધ્યાન દોર્યા વગર રહી શકતો નથી. સાતમી કડીમાં ''ઝાડ પહાડને રંગ ચડ્યો'' વાળી પંક્તિ મને ખૂબ ગમી છે. એમાં ઝાડ અને પહાડનો આંતરપ્રાસ તો આહલાદક છે જ પણ ઝાડનો રંગ પહાડને ચડ્યો કે ઝાડ અને પહાહડ બંનેને મેઘનો રંગ ચડ્યો કે ઝાડ, પહાડને રંગ (એટલે કે સોબતે) ચડ્યો એનું રહસ્ય બહુ કલાત્મક રીતે ગુંથી દીધું છે. આપને સમજાય તો જરુર જણાવશો.

**અષાડી મેઘ**

ઈન્દ્રતણી નભધેનું સરખી,
જળભર વાદળીઓ શિર ઝૂકી;
શીતળ ભીનો પવન સરુર્યો,
વાદળદળમાં વીજ ઝભૂકી;
ક્ષિતિજમાં અંબર ગગડ્યો,
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!
ઘેરાં નીલાંબર તન ધારી
વાદળીઓના વૃંદ ફરે;
અમૃત-જળ-ઝારી કર ધારી,
હસતી રમતી ઝરમર ઝરે :
અરસપરસ પાલવ પકડ્યો,
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!
સુરપતિ રણસંગ્રામ ચડ્યો,
શિર મેઘાડંબર છત્ર રચ્યું;
વાવંટોળો વાવાઝોડું,
ગડુડ ફડુક ઘમસાણ મચ્યું :
આભ અહાહા ઊખળી પડ્યો,
ઘન ગનન અષાડી ઘોર ચડ્યો!
સૂરજને પકડી લઇ પૂર્યો,
ગ્રીષ્મ ઉપર અતિ કોપ કર્યો;
ઘટાટોપ ચોગમદમ ઘેરી
વરુણ અસ્ત્ર લઇ વિફર્યો :
જગમાં તેનો ના પગ જડ્યો,
ઘન ગગન અષાડી ઘરો ચડ્યો!
ગિરિવર સરખા મેઘખંડમાં
વિદ્યુત વજ્ર સમી સળકે
એની સપટે કડકડ કરતો
આભ નીચો જાણે લળકે :
હમણાં એ પડશે કે પડ્યો!
ઘન ગનન અષાઢી ઘોર ચડ્યો!
શિવજટા પર ધવલ ગંગ શી
મેઘ ઉપર રીંછાઓ તરે;
એ ત્રુઠે ત્યાં ધરતીનાં તળ
જળ જળ બંબાકાર કરે :
વૃષ્ટિ જાણે ધોધ પડ્યો,
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!
રાત દિવસ વન વરસે ધારે,
અષાડની જામી એલી;
રગડા ખૂબ મચ્યા મારગમાં,
સૃષ્ટિ શોભે રસઘેલી :
ઝાડ પહાડને રંગ ચડ્યો,
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!
ટેરે પિયુ પિયુ ચાતક ઊંચે,
મયુર ટહુકે મલકાતા;
લ્હેરી કો બંસી લલકારે,
સૂર મધુરા છલકાતા :
ખેડૂત ખેતરમાં ઉપડ્યો,
ઘન ગનન અષાડી ઘોર ચડ્યો!
શિર પર ગર્જન સુણી કેસરી
વ્યાકુળ થઇ વનમાં ડણકે :
મતવાલી હાથણીઓ સરખી
ગાંડી થઇ ભેંસો રણકે
અંગ સકળ કીચડ ખરડ્યો!
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!
નાળાં નદીઓનાં નીર છલકે,
ધરતી મલકે હરિયાળી;
ચંદ્ર રવિ શા નિર્મળ ચળકે!
ઝળકે સંધ્યા અજવાળી :
ભવ્ય અહા પડદો ઊઘડ્યો!
ઘન ગગન અષાડી ઘોર ચડ્યો!

- **ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ**

# પ્રજાને બળવાન બનાવવાના હેતુથી આલેખાયેલી વણીક બંધુઓ વસ્તુપાળ અને તેજપાળની કથા

## શબ્દ સમીપે

- નટવર હેડાઉ

ભારતના બધા સમાજોમાં સંખ્યામાં નાનો હોવા છતાં સૌથી શક્તિશાળી સમાજ જૈનોનો કહી શકાય. આર્થિક ક્ષેત્રમાં તે સર્વોચ્ચ શિખર પર પહેલા પર રહ્ય ેહતો અને આજે પણ જણાય છે. ત્યાગપ્રધાન ધર્મથી પ્રેરિત હોવા છતાં આવક અને વૈભવની દૃષ્ટિએ તેનું સ્થાન ઘણું ઊંચું છે. વ્યાપાર અને ઉદ્યોગમાં તેની બરોબરી કરનાર બીજો સમાજ જલ્દી દેખાશે નહીં. તેની વૈભવ સમૃદ્ધિ કોઇ પણ નગરમાં કે ગામડામાં નડરે ચડી જ જાય. તેની ઉદારતા અને ધન પણ ઐતિહાસિક તથ્ય બની ગયા છે.

આ દેશ ઉપર અનેક વિદેશી અને વિધર્મી આક્રમણો થયાં. જેમાં લાખો લોકોનું જબરજસ્તી ધર્મ પરિવર્તન થયું. પણ આવી આંધીમાં જૈન સમાજ પોતાને બચાવી શક્યો. "વાણીયો વટલાય નહીં" ની કહેવત ચરિતાર્થ કરી. લોભ-લાલચ કે ભય વિગેરે દ્વારા જૈનો એ ધર્મપરિવર્તન કર્યું હોય તેવું સાંભળવા નહીં મળે. કારણ કે પોતાના ધર્મમાં વધુ મક્કમ અને દૃઢ રહ્યા છે. તેની ગુપ્ત અને પ્રગટ શક્તિ 'મહાજન' છે. પ્રાચીનકાળમાં સમાન્તર બે સત્તાઓ રાજય કરતી : એક રાજસત્તા અને બીજી મહાજન સત્તા. મહાજનોને વેપારમાં જ રસ. રાજય ભલે ગમે તે કરે લગભગ બધા રાજાઓ સાથે મેળ રાખીને, નમ્રતાપૂર્વક વ્યાપાર કરવો એ તેમનું લક્ષ્ય રહ્યું છે. પણ જો રાજા જુલ્મ કરે, ખાસ કરીને ધાર્મિક જુલ્મ કરે તો ગમે તેવી સત્તાને ઉથલાવી નાખવાની આવડત તેનામાં હતી. વલ્લભીના શિલાદિત્ય ને ઉથલાવનાર અને બંગાળના સિરાજુદોલ્લાને પણ ઉથલાવનારા વાણીયા જ હતા. તેમને બળ કરતાં કળનો પ્રયોગ કરતાં વધુ આવડે. અનાવશ્યક દુશ્મનો ઊભા ન કરવા, બોલીને બગાડવું નહીં! અનાવશ્યક મિત્રો પણ ભેગા ન કરવા, જરુર પડે તો દુશ્મનો પણ ઉપયોગ કરી જાણવો આવા બધા ગુણો જૈન સમાજ ધરાવે છે. તેથી ગમે તેવા વિરોધીઓ વચ્ચે પણ તે રહી શકે છે અને જીવી શકે છે.

આજે મારે તમને વાત એવા બે વણિક બંધુ વસ્તુપાળ અને તેજપાળ અંગેના પુસ્તકની વાત કરવી છે. આ પુસ્તકમાંથી પસાર થતાં કુલ - ૪૨ પ્રકરણોમાં વસ્તુપાળ અને તેજપાળના જીવન પર લેખકે સુંદર પ્રકાશ પાડ્યો છે. આમ તો આ પુસ્તક રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીકૃત 'ગુજરાતતો જય' ના આધારે લખાયેલું છે. પરંતુ તેનો મુખ્ય હેતુ જૈન યુવક-યુવતીઓ જીવનથી ભાગે નહીં અને વસ્તુપાળ - તેજપાળ થવાની પ્રેરણા આપે તો અનાજ તોલનારા ત્રાજવા દુશ્મોનાં માથા તોળતાં થાય જેથી ફરીથી મંદિરો અને મૂર્તિઓનો વિનાશ જોવાનો દિવસ ન આવે. જો કે એમ કહેવાય છે કે વાણિયાના પાળિયા ન હોય કારણ કે વાણીયો ધીંગાણે ન ચડે રાજપૂત ને ચડાવી દે. બીજાના પાળિયા કરે. તેથી જ કદાચ ભારતમાં લશ્કરમાં જૈન બટાલિયન નથી. કારણ કે આ ક્ષેત્ર તેની રુચીનું નથી. તેમ છતાં અપવાદરુપે કોઇ કોઇ મહાનુભાવો આ ક્ષેત્રમાં જોવા મળતાં હશે.

ધોળકાના રાણાએ જયારે વણિકપુત્રો વસ્તુપાળ અને તેજપાળને મંત્રીઓ બનાવ્યા. તેમાં પણ તેજપાલને સર સેનાપતિ બનાવ્યો ત્યારે રાજપૂતો એ હાંસી ઉડાવેલી. સેનાપતિ બને તે કલ્પના બહારની વાત હતી. કોઇએ કટાક્ષમાં કહ્યું પણ ખરું કે 'રાણાજી! આમને ત્રાજવા તોળતાં સારું આવડે છે. ત્રાજવાં તોળવાના કામમાં આવશે.'

ત્યારે તેજપાળે ગર્જના કરીને કહેલું કે 'હા.. હા.. હું વાણિયો છું અને મને ત્રાંજવાં તોળતાં આવડે છે. પણ હું શાકભાજી નથી તોળતો, દુશ્મનોનાં માથા તોળું છું.'

અનેક યુદ્ધો કરીને જીતીને તેણે આ વાત સાબિત કરી દીધી. આબુ પર્વતના યુદ્ધમાં દેરાસર તોડવા આવેલી યવન સેનાનો કચ્ચરઘાણ કાઢી નાખ્યો અને યવન યૌદ્ધાઓના મડદાં ગાડે ગાડાં ભરીને ધોળકાં મોકલાવ્યા. જેથી પ્રજાના મનમાંથી યવન ભય નીકળી જાય.




આ જ વસ્તુપાળે જૈન સાધુ ઉપર હાથ ઉપાડનાર પાટણના રાજા વિશાળદેવેના સગા મામાને હાથ કપાવી ઉપાશ્રયના ચોકમાં વાંસડા ઉપર લટકાવેલો. જેથી ફરી કોઇ આવું કાર્ય ન કરે.

વસ્તુપાળ અને તેજપાળનું જીવન મુત્સદ્દીપૂર્વક પરાક્રમથી ભરેલું હતું. તેની અનેક વાતો આ પુસ્તકમાં આપણને મળે છે. તેજપાળની પત્ની અનોપ તો અનુફવા જ કહી શકાય. તેની કોઇ ઉપમા ન જ આપી શકાય. અને આવા મહાન રત્નોને જન્મ આપનાર વિધવા માતા કુંવરબાઇને તો વંદન જ કરાય. આ કુંવરબાઇની કુંખને રત્નોની ખામ સમજીને તેમાંથી મહાન રત્નો વસ્તુપાળ તેજપાલ પેદા કરાવનાર આચાર્ય હરિભદ્ર સુરિજી એ ધાર્યું હોત તો કુંવરભાઇને દીક્ષા આપીને પોતાના ટોળામાં વધારો કરી શક્યા હોત. કદાચ એમ બન્યું હોત તો કુંવરબાઇને મોક્ષ મળ્યો હોત પણ દેશની ગુલામી વધી ગઇ હોત. મોક્ષાને બાજુએ મુકી નરરત્નો પેદા કરવા કુંવરબાઇને પુનઃલગ્ન કરવાની પ્રેરણા આપી તે મહાન ક્રાંતિ કહેવાય. ક્રાંતિ સફળ રહે તેથી ગુજરાતને વસ્તુપાળ અને તેજપાળ મળ્યા. તેમણે બૃહદ ગુજરાત બનાવ્યું અને લોકોને સુશાસન આપ્યું. એ વાત ખુબ વિગતે લેખકે વર્ણવી છે. જો કે પુસ્તકમાં ઐતિહાસિક તથ્યોની ક્ષતિ અંગે લેખકે વાચકોની ક્ષમા માગી છે. કારણ કે લેખકનો આ પુસ્તક લખવા પાછળનો હેતુ પ્રજાને બળવાન બનાવવાનો છે.

વસ્તુપાળ અને તેજપાળ પુસ્તકના લેખક - સ્વામી સચ્ચિદાનંદજી છે. તેમણે ભારતીય જીવન દર્શન, ઇતિહાસ, ધર્મ, વિશ્વપ્રવાસ, જેવા અનેક વિષયોના ૧૦૦થી વધુ પુસ્તકો આપ્યા છે. તેમના પુસ્તકો હિન્દી અને અંગ્રેજી ભાષામાં પણ ઉપલબ્ધ છે. વસ્તુપાળ અને તેજપાળ અંગેનું આ સુંદર મજાનું પુસ્તક આપવા બદલ હું તેમજ અભિનંદન પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

**વસ્તુપાળ અને તેજપાળ**
**લેખક - સ્વામી સચ્ચિદાનંદ**
**પ્રકાશક - ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ**
**કિંમત - રૂા. ૮૦/-**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૫**

# મનોવિજ્ઞાનીઓના માનવ પ્રમાણે કોઇ પણ વ્યક્તિ એક જ બાબતમાં પોતાનુંધ્યાન એકથી દોઢ મિનિટ કરતાં વધારે રાખી શકતું નથી

## હું રસ્તે રઝળતી વારતા

- અચના કમલેશ

આપણે જયારે નાના હતાં ત્યારે કલાસમાં ટીચર કોઇ પ્રશ્ન પૂછે અને આપણે તેનો જવાબ ન આપી શકીએ ત્યારે ટીચર આપણને ધમકાવીને કહેતા, 'હું જયારે ભણાવતી હતી ત્યારે તારું ધ્યાન કયાં હતું?' તે સમયે આપણું ધ્યાન ભણવા કરતાં બીજી બાબતોમાં વધારે રહેતું હોય તે સ્વાભાવિક છે નાના બાળકો આમ પણ વધારે ચંચળ હોય છે. બહુ સમય સુધી તેઓ એક જ બાબતમાં તેમનું ધ્યાન રાખી શક્તા નથી. મોટા થયાં પછી તેમની ચંચળતા ઓછી જરુર થાય છે પણ સાવ બંધ થતી નથી.

તમે સાંભળ્યું હશે કે કેટલાંય સાધુ-સંતો વર્ષો સુધી ધ્યાન ધરીને તપ કરતાં હતા. મનોવિજ્ઞાનીઓના માનવ પ્રમાણે કોઇ પણ વ્યક્તિ એક જ બાબતમાં પોતાનુંધ્યાન એકથી દોઢ મિનિટ કરતાં વધારે રાખી શકતું નથી. માણસનું મન ચંચળ હોવાથી વધારે સમય સુધી કે એક વિષયમાં ધ્યાનાસ્થ રહી શકતો નથી. એનો અર્થ એ કે જે લોકો કહેતાં હોય કે તેઓ રોજ કલાક કે કલાકો સુધી ધ્યાનમાં બેસે છે. તો તેમની વાત સાચી માનતા નહિ. એક સંસોધન મુજબ દિવસમાં દરેક વ્યક્તિનાં મનમાં વીસથી ત્રીસ હજાર જેટલાં વિચારો આવતાં હોય છે. હવે તમે જ કહો, માણસ કેવી રીતે કલાકો સુધી એક જ બાબતનું ધ્યાન ધરી શકે? આનો અનુભવ તમે જાતે જ કરી જોજો, ખાતરી થઇ જશે.

તમને થશે કે સ્કૂલ કોલેજમાં આપણે ભણતાં હતા ત્યારે તો પિસ્તાલીસ કે પાત્રીસ મિનિટમાં પિરિયડ હતો અને તે પિરિયડમાં એક જ વિષય ભણાવવામાં આવતો હતો. તે સમયે અમે પૂરા ધ્યાનથી મન લગાવીને ભણતા હતા. આવા પ્રશ્નો દરેકને થાય તે સ્વાભાવિક છે. તમે પિસ્તાલીસ કે પાત્રીસ મિનિટ સુધી એક જ વિષય ધ્યાનથી ભણતા હતા તે કબૂલ, પરંતુ તે પિસ્તાલીસ કે પાત્રીસ મિનિટ સુધી સતત તમે તે વિષયના વિચારોમાં જ ડૂબેલાં રહેતા હતા? તમને તે દરમિયાન બીજાં કોઇ વિચારો આવતાં ન હતાં? તમારી યાદદાસ્ત પર જોર આપશો તો તેનો જવાબ મળી જશે. આપણે કલાસમાં હોઇ કે, લેકચરમાં કે ફિલ્મ જોતા હોઇએ કે વાંચતા હોઇએ કે કોઇની સાથે ચર્ચા કરતાં હોઇએ ત્યારે પણ આપણા મનમાં સતત અવનવાં વિચારો ચાલતાં જ રહેતાં હોય છે. આપણે રાત્રે ઊંઘી જઇએ ત્યારે પણ આપણા અજ્ઞાત મનમાં વિચારો ચાલતાં હોય છે જે વિચારોને આપણે સ્વપ્ન તરીકે ઓળખીએ છીએ.

ઘણાં લોકો પોતાના વિચારોમાં ખોવાયેલાં હોય ત્યારે, તેઓને આજુબાજુનો ઘોંઘાટ કે વાતો સંભળાતા નથી. તેમને આપણે ધૂની, ધ્યાન મગ્ન કે ધ્યાનસ્થ કહીએ છીએ. મોટાભાગે લેખકો, વિજ્ઞાનીઓ, કલાકારો, કારીગરો, સંગીતકારો, ગાયકો વગેરે આ કેટેગરીમાં આવે છે. તેઓ પોતાની કલામાં પોતાનાં વિચારોમાં મશગૂલ હોય છે. આવાં સર્જનાત્મક લોકો જ પોતાનાં ક્ષેત્રમાં અવનવાં સંશોધનો કરતાં હોય છે.

કોઇ આપણી વાત સાંભળવું હોય છતાં ન સાંભળ્યું હોય તેવા ડોળ કરતું હોય ત્યારે તેને 'ધ્યાન બહેરાં' કહેવાય છે. આ ધ્યાન બહેરાં લોકો મહાસ્વાર્થી અને લુચ્ચાં હોય છે. તેમના મતલબની વાત થતી હોય ત્યારે આ જ લોકો તુર્ત જ વાતમાં રસ લેવા લાગે છે. આવા ઘણા લોકોને તમને અનુભવ થયો હશે. વિચારી જોજો તમે તો આવું વર્તન નથી કરતાંને? જો સકારાત્મક બાબતે આપણે ધ્યાન બહેરાં થઇએ તો તેમાં કંઇ ખોટું નથી. જેમ કે કોઇ વ્યક્તિ ખોટો બબડત કરતી હોય ત્યારે તેને એવોઇડ કરીએ તે બરાબર છે. અલબત તેમાં આપણો ઇરાદો તે વ્યક્તિની ઉપેક્ષા કરીને અપમાનિત કરવાનો ન હોવો જોઇએ. હા, પરંતુ જે ચર્ચા ચાલતી હોય તેની મધ્યમાં તમે હોય અને તેમે તેને સાંભળ્યાં છતાં અવગણના કરો તે યોગ્ય નથી. ટ્રસ્ટ, સોસાયટી કે સમાજની મિટીંગોનો મને અનુભવ છે, તમને પણ હશે. આવી મીટીંગોમાં અમુક લોકો જયારે કામ કરવાની કે જવાબદારી ઉઠાવવાની વાતો ચર્ચાતી હોય ત્યારે મૂંગામંતર બનીને બેસી રહેશે પણ જેવી હોદ્દાની વાત કે ખર્ચાની વાત આવશે ત્યારે ચર્ચામાં કુદી પડશે.

ધાર્મિક સંતો, બાબાઓ અને જયોતિષીઓ ધ્યાન ધરવાનો ઢોંગ કરીન લોકોની નજરોમાં મહાન બની જતા હોય છે. કેટલાંક બાબાઓ તો પેપરમાં જાહેરાત આપતાં હોય છે કે હિમાલયમાં સાત વર્ષની તપસ્યા કરનારા ફલાણા ફલાણા સિદ્ધ યોગી. લોકો પણ આવાં તપસ્વી યોગીઓ, જયોતિષીઓ અને બાબાઓના મોહપાશમાં સપડાઇને પોતાનું ધન, દોલત અને માનસિક શાંતિ ગુમાવે છે. કેટલાક લોકો યોગ અને સાધનાની શિબિરો યોજીને લોકો પાસેથી તગડી રકમ પડાવતાં હોય છે. કદાચ થોડીકવાર આંખો બંધ રાખીને બેસી રહેવામાં મનને શાંતિ મળતી પણ હશે પણ તેનાથી તમને પરમતત્ત્વની અનુભૂતિ થાય છે અને તમે પરમાત્મા સાથે સીધા જોડાઇ જાવ છો તે વાત ગળે ઉતરતી નથી.

સામાન્ય રીતે માણસનું મન ચંચળ જ હોય છે, તેમાં પણ જો તે અતિશય ચંચળ હોય ત્યારે ઘણા બધા પ્રશ્નો ઊભાં થતાં હોય છે. અતિ ચંચળ વ્યક્તિનું ધ્યાન એક જ વિચાર કે વિષય પર રહેતું નથી. પરિણામે તેનું મન સ્થિર રહેતું નથી. જયારે આપણું મન અસ્થિર હોય ત્યારે આપણે નિર્ણય લઇ શકતા નથી. આ અવસ્થામાં કદાચ કોઇ નિર્ણય લીધો હોય તો પણ તે સાચો કે લાભદાયક ન હોય તેવું વધારે જોવા મળે છે. કોઇ વિષયમાં આપણે પ્રગતિ સાધવી હોય તો તેના વિશે ધ્યાનથી મનન કે ચિંતન કરવું પડે છે, તેમાં શું નવું કે સર્જનાત્મ થઇ શકે તે શોધવું પડે છે. જેના માટે એકાગ્રતાથી વિચારવું જરુરી છે. આ એકાગ્રતા કેળવવા માટે આપણી ચંચળતા ઓછી કરવી જરુરી છે. નાના બાળકો વધારે ચંચળ હોય છે. જેમ જેમ તેઓ મોટાં થતાં જાય તેમ તેમ તેમનામાં ગંભીરતા આવતી જાય છે અને ચંચળતા ઘટતી જાય છે અને તે જરુરી છે. આ કુદરતી ક્રમ છે.